પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૨૧૫ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૬-૦૫-૨૦૨૪ સોમવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## દેશના ૧૪૦ કરોડ લોકોની સેવા જ મારી સાચી ઊર્જા : વડાપ્રધાન મોદીનો એક્સક્લૂઝિવ ઈન્ટરવ્યૂ

નવીદિલ્હી,

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્તમાન લોકસભાની ચૂંટણીમાં ચારેકોર ચૂંટણી પ્રચારની જવાબદારી પોતાને શીરે લીધી છે. દેશના ખૂણે ખૂણે ઉમેદવારોના પ્રચાર માટેની વ્યવસ્થા કરી છે. ત્યારે તેઓ પોતાના વતન અને મુખ્ય કર્મભૂમી એવા ગુજરાતમાં બે દિવસના ચૂંટણી પ્રચાર માટે આવ્યા હતા. બે દિવસમાં છ સભાઓ અને બેઠકોના દૌર વચ્ચે ગુજરાત સમાચાર સાથે તેમણે ઉમદા સમય પસાર કર્યો. નરેન્દ્ર મોદી દ્વારા રાજકારણની આંટીઘંટી અને લોક કલ્યાણના સંકલ્પના આગળ વધારતા દેશના લોકસેવક તરીકેની કામગીરીને ન્યાય આપવાના પોતાના મનોબળ અને વલણને ગુજરાત સમાચાર સમક્ષ વ્યક્ત કર્યા હતાં. માત્ર ચૂંટણી જીતવી કે સત્તા મેળવવાના ધ્યેય સાથે નહીં પણ પ્રજાનું કલ્યાણ થાય અને દેશનું વિશ્વકક્ષાએ નામ થાય તેને ચોવીસે




કલાક મનોજગતમાં રાખીને કામ કરવાની વૃત્તિ જ દેશના દરેક નેતા અને સાંસદમાં હોવી જોઈએ તેવું તે અંગત રીતે માને છે અને પોતાના કાર્યો દ્વારા ઉદાહરણ પણ પૂરા પાડે છે. પોલિટિક્સને પ્રોફેશન નહીં પણ દેશના વિકાસનું વિઝન બનાવીને રાજસત્તા પ્રાપ્ત કરવાનું સાચું રિઝન બનાવ્યું છે.

ગુજરાતને વિકાસનું મોડલ સ્ટેટ બનાવીને રાષ્ટ્રીય રાજકારણના શ્રીગણેશ કરનારા પીએમ મોદી હવે આગામી સમયમાં આ મોડલને વૈશ્વિક ધોરણે કેવી રીતે આગળ લઈ જશે જેથી રાજ્ય અને દેશના વિકાસનું ગ્રોથ એન્જિન બની શકશે તેવી ગુજરાત સમાચાર અને ગુજરાતની જનતાના મનની વાત વિશે તેમની સાથે ચર્ચા થઈ. ગુજરાતને મોડલ સ્ટેટ વધુ ગુજરાત ગણાવતા પીએમ મોદીએ તેમના સુચક સ્મિત સાથે રાજ્ય સરકારની કામગીરી અને કેન્દ્ર સરકારના વિઝનને બિરદાવવાનો આભાર માન્યો. ખૂબ જ સહજ રીતે તેમણે જણાવ્યું કે, વિકાસ કરવાનું વિચારબીજ મસ્તિસ્કમાં હતું. ગુજરાતમાં મુખ્યમંત્રી બન્યા બાદ આ વિચારબીજનું કામગીરી દ્વારા વાવેતર કરવામાં આવ્યું. એક દાયકાના અથાગ પ્રયાસ બાદ આ વિચારબીજ વિકસીને વટવૃક્ષ થઈ ગયું.

તેમણે આગળ કહ્યું કે, મુખ્યમંત્રી તરીકે રાષ્ટ્રના સૌચનું એન્જિન બનાવવાનું જ વિઝન રાખીને કામ શરૂ કરાયું હતું. દરેક વ્યક્તિનો વિકાસ થાય અને તેનાથી જ ઉપર આગળ વધતા વધતા રાજ્યનો અને રાષ્ટ્રનો વિકાસ થાય તેવું મોડલ અમે અપનાવ્યું હતું. અહીંયા ઉદ્યોગોને તક મળી, વિચારને વેગ મળે, આતુરતાને અવસર મળે અને દરેકને રોજગાર તથા ખેડૂતોને પ્રોત્સાહન મળે તે રીતે સર્વગ્રાની મોડલ વિકસાવવામાં આવ્યું હતું. અમે સર્વાંગી કલ્યાણ માટે ખેડૂતોથી લઈને ઉદ્યોગ સુધીની વ્યાપક કામગીરી નિભાવી.

ગુજરાત ગત બંને લોકસભામાં ભાજપને તમામ બેઠકોની ભેટ આપી હતી. આ વખતે પણ ગુજરાત ક્લિનસ્વીપની ભેટ આપશે કે કેમ તેનો સંશય દરેક સ્તરે ચર્ચાઈ રહ્યો છે. ભાજપના ચેહરા અને એક દાયકાના સુશાસન તથા ભાજપના વિજયના સારથી તરીકે તમારો આ વખતનો મત શું રહેશે તેવો પણ સાહજિક સવાલ પ્રજાને થઈ તેવો રહ્યો છે. ચાની ચૂસકતી મારતા મારતા તેમણે કહ્યું કે, મને ચા પ્રિય છે. અને ગુજરાતીઓને આ ચાવાળો પ્રિય છે. તેમણે સદાય પ્રેમ અને સ્નેહ મારા માટે અને ભાજપ માટે રાખ્યા જ છે. ગુજરાત અને ભાજપના સ્નેહના સંબંધો દાયકા જૂના છે. સ્નેહના સંબંધમાં ખોટું હું લાગવું. માઠું લાગવું કે નારાજગી થવી સામજિક છે. આપત્તિને અવસરમાં બદલવાની તમારી ક્ષમતા તમે વિકસાવી કે પછી મહાવરો થતો ગયો અને તમે પોતે વિકસતા ગયા. ભૂકંપ હોય કે કોરોનાકાળ તમે દેશવાસીઓ માટે જુસ્સો અને જીતના બાજીગર બની ગયા છો. આ વાત સાંભળતા જ મોદી સાહેબે પોતાના પ્રશંસાને હસી કાઢી. તેમણે આગવી અદામાં કહ્યું કે, અરે ભાઈ એવું કશું જ નથી. અવસર અને આપત્તિ બંને સાથે ચાલનારી બાબતો છે. હું લોકસેવામાં આવ્યો ત્યારે ૨૦૦૧માં જ કચ્છમાં ભયાનક અને વિનાશક ભૂકંપ આવ્યો. તેમાંથી કચ્છને બેઠું કરવું તે મોટો પડકાર હતો. આ પડકાર પ્રજા અને સરકારના સહિયારા પ્રયાસથી જ પાર પડયો. તે વખતે વિલાપ કરવો અથવા તો વિકાસ કરવો તેવા બે જ વિકલ્પ હતા. અમે વિલાપ છોડીને વિકાસને મહત્ત્વ આપ્યું. ગુજરાતની ખમીરવંતી પ્રજાએ અમારા વિકાસના ધ્યેયને સિદ્ધ કરવા અમને ટેકો કર્યો અને કચ્છ પાછું ધબકતું થઈ ગયું. પ્રજાના સાથે અને વિશ્વાસ ઉપરાંત ભધાની સહિયારી મહેનતથી આફત અવસરમાં પલટાઈ અને વિકાસ થયો.તે જ પ્રમાણે, કોવિડ-૧૯ મહામારી દરમિયાન ભારતે અભૂતપૂર્વ પડકારોનો સામનો કર્યો હતો. અમે આ વખતે પણ લોકોને એવું કહી શક્તા હતા કે આખું વિશ્વ યાતના સહન કરી રહ્યું છે અને કોઈપણ દેશ પાસે પર્યાપ્ત માત્રામાં માત્રામા વેક્સિન અથવા દવાઓ નથી અને અનેક રાષ્ટ્રોમાં પાયાની વસ્તુઓ ઉપલબ્ધ નથી. પરંતુ અમે આ પવને ઝડપી લેવા અને સ્વનિર્ભરતા તરફના અમારા પ્રયાસોને વધુ વેગ આપવાનો નિર્ણય કર્યો. અમે પીપીઈ કિટથી લઈને દવાઓથી લઈને વેક્સિન (રસી)થી વેન્ટિલેટર્સ સહિતની દરેક વસ્તુઓ બનાવવાનું શરૂ કર્યું. માનસિક્તાના આ બદલાવના પરિણામ સ્વરૂપે આજે ભારતીય અર્થવ્યવસ્થા દરેક ક્ષેત્રોમાં વ્યાપકપણે આત્મનિર્ભર બનવા તરફ પ્રયાણ કરી રહી છે. દેશની આઝાદીના ૧૦૦ વર્ષ પૂરા થાય ત્યાં સુધીમાં દેશને વિકસિત રાષ્ટ્રોની હરોળમાં લાવી દેવાનું લક્ષ્યાંક નક્કી કરાયું છે. આ લક્ષ્ય ખરેખર પ્રાપ્ત થાય તેવું કે સાધી શકાય તેવું છે. તેના માટે આગામી પાંચ વર્ષની યોજના કેવી રહેશે.

તેમણે કહ્યું કે, શુદ્ધ વર્ષથી દેશના લોકોને લૂંટીને ચોક્કસ લોકોને લાભ આપનારી પાર્ટી હવે ૭૨ ટકા વેરો લઈ આવી છે. કોંગ્રેસ પાસે કોઈ દિશા નથી અને તેની દશા પણ ખરાબ છે. તે હાંસિયામાં પડેલાઈ ગયેલી પાર્ટી છે. કાંગ્રેસના યુવરાજ દરેક રાજ્યમાં જઈને કહેતા ફરે છે કે તે લોકોની તમામ મિલકતનો એક્સ રે કાઢશે અને તે એનું પુનઃ વિતરણ કરશે. આ સંજોગોમાં પરિવારના અંગત સલાહકાર રહેલા (સામ પિત્રોડા) હવે વારસાઈ વેરાની વકીલાત કરે છે. એક બાબતે સ્પષ્ટ થઈએ કે કોંગ્રેસ જે વિચાર રજૂ કરે છે, તે ફક્ત સમાજમાં વ્યાપક સમસ્યાઓ પેદા કરશે. એક ગરીબ ખેડૂત શું કામ એની અડધી જમીન આપી દે? શા માટે એક મધ્યમ વર્ગ પરિવાર તેની જિંદગીભરની અડધી કમાણી આપી દે? આવી નીતિઓ ભારતે કરેલા સમગ્ર વિકાસનો નાશ નોતરશે.

## 'પાકિસ્તાનના નેતા રાહુલ ગાંધીના વખાણ કરે એ ચિંતાનો વિષય', રાજનાથ સિંહે કોંગ્રેસ પાસે માંગ્યો જવાબ

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણીને લઈ પ્રચાર ચરમસીમાએ છે. આ દરમિયાન હવે પાકિસ્તાન નેતાએ રાહુલ ગાંધીના વખાણ કર્યા બાદ હવે રાજકારણ ગરમાયું છે. વાત જાણે એમ છે કે, પાકિસ્તાનના પૂર્વ મંત્રી ચૌધરી ફવાદ હુસૈને કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીના વખાણ કરીને તેમની મુશ્કેલીઓ વધારી દીધી છે. વાસ્તવમાં આ વખાણ બાદ ભારતીય જનતા પાર્ટી કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર સતત પ્રહારો કરી રહી છે. ભાજપ આ મુદ્દે રાહુલ ગાંધી પાસેથી જવાબ માંગી રહી છે. હવે રક્ષા મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા રાજનાથ સિંહે પણ આ મામલે એન્ટ્રી કરી છે. તેમનું કહેવું છે કે, પાકિસ્તાનના પૂર્વ મંત્રી રાહુલ ગાંધીના વખાણ કરે તે ખૂબ જ ચિંતાનો વિષય છે અને કોંગ્રેસે આ અંગે સ્પષ્ટતા કરવી જોઈએ.

રાજનાથ સિંહે કહ્યું કે, કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પાસે કોઈ તાકાત નથી જ્યારે તેમની પાર્ટી ચૂંટણીના ફાયદા માટે હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે વિભાજન કરવાનો પ્રયાસ કરીને આગ સાથે રમી રહી છે. તેમણે આરોપ લગાવ્યો કે કોંગ્રેસ ધાર્મિક આધાર પર તણાવ પેદા કરવાનો પ્રયાસ કરી રહી છે. કોંગ્રેસ સામાજિક સમરસતાને ખલેલ પહોંચાડવા માંગે છે. તેઓ મુસ્લિમ સમુદાયને માત્ર વોટબેંક તરીકે જુએ છે. કોંગ્રેસને સૂચન આપતાં રાજનાથ સિંહે કહ્યું કે મારું તેમને એક સૂચન છે, માત્ર સરકાર બનાવવા માટે રાજનીતિ ન કરવી જોઈએ. રાજકારણનો ઉદ્દેશ્ય રાષ્ટ્ર નિર્માણ હોવો જોઈએ. તેમણે ફરીથી ભાજપ માટે મોટી જીતનો દાવો કર્યો.હકીકતમાં પાકિસ્તાની નેતા અને ઈમરાન ખાન સરકારમાં મંત્રી ચૌધરી ફવાદ હુસૈન છેલ્લા એક સપ્તાહમાં બે વખત રાહુલ ગાંધીના વખાણ કરી ચૂક્યા છે. ફવાદ હુસૈને શનિવારે ઠ પર લખ્યું (૪ મે, ૨૦૨૪) ફવાદ હુસૈને લખ્યું કે, સમસ્યાઓ સમાન છે. રાહુલ સાહેબે તેમના છેલ્લા ભાષણમાં કહ્યું હતું કે, ૩૦ કે ૫૦ પરિવારો ભારતનો ૭૦% હિસ્સો ધરાવે છે. આ સંપત્તિ પાકિસ્તાનમાં છે જ્યાં માત્ર પાક બિઝનેસ કાઉન્સિલ નામની બિઝનેસ ક્લબ અને કેટલાક રિયલ એસ્ટેટ મેગ્નેટ પાકિસ્તાનની ૭૫% સંપત્તિ ધરાવે છે... સંપત્તિનું યોગ્ય વિતરણ મૂડીવાદનો સૌથી મોટો પડકાર છે.

## રિઝર્વ બેંકે માર્ચમાં પાંચ ટન સોનું ખરીદ્યું હતું, વિશ્વભરની સેન્ટ્રલ બેંકો સોનાનો ભંડાર વધારી રહી છે.

નવીદિલ્હી,

માર્ચમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ લગભગ ૫ ટન સોનું ખરીદ્યું હતું. માત્ર ભારતમાં જ નહીં, સમગ્ર વિશ્વમાં કેન્દ્રીય બેંકોએ સોનાની ખરીદીમાં વધારો કર્યો છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ અનુસાર, તુર્કીની સેન્ટ્રલ બેંકે માર્ચમાં સૌથી વધુ ૧૪ નંગ સોનાની ખરીદી કરી હતી. આ સિવાય ચીનની સેન્ટ્રલ બેંકે પણ ૫ ટન સોનું ખરીદ્યું છે. અન્ય મોટા ખરીદદારો કઝાકિસ્તાન અને સિંગાપોર છે, જેમણે ૪-૪ ટન સોનું ખરીદ્યું હતું. આ સિવાય રશિયાએ માર્ચમાં ૩ ટન સોનું પણ ખરીદ્યું છે.

વૈશ્વિક અર્થતંત્રમાં યુદ્ધ અને અનિશ્ચિતતાને કારણે કેન્દ્રીય બેંકોનો સોનામાં વિશ્વાસ વધી રહ્યો છે. બજારની અસ્થિરતા અને ફુગાવાના દબાણનો સામનો કરવા માટે સોનાનો ભંડાર ખાસ કરીને મહત્વપૂર્ણ છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના ગોલ્ડ ડિમાન્ડ ટ્રેન્ડ્સ રિપોર્ટ અનુસાર, ૨૦૨૪ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં વિશ્વભરમાં સોનાની માંગ વાર્ષિક ધોરણે ૩ ટકા વધી છે.

આરબીઆઈનો સોનાનો ભંડાર ૮૦૦ ટનથી ઉપરના સર્વકાલીન ઉચ્ચ સ્તરે છે. આ વર્ષે આરબીઆઈએ કુલ ૧૮.૫ ટન સોનાની ખરીદી કરી છે. એપ્રિલની શરૂઆતમાં, રિઝર્વ બેંક પાસે લગભગ ૮૨૨.૧ ટન સોનાનો ભંડાર હતો.

## ગુજરાતમાં ખાવાના તેલ સાથે ચેડા થઈ રહ્યાં છે, તેલના જૂના ડબ્બાઓમાં નવું પેકેજિંગ

અમદાવાદ,

હાલ ખાણીપીણીને લઈને લોકોના આરોગ્ય સાથે ભારોભાર ચેડા થઈ રહ્યાં છે. આઈસ્ક્રીમ, બરફના ગોળાથી લઈને તેલ, હળદર, મરચું, ઘી વગેરેમાં ભેળસેળ થઈ રહી છે. ત્યારે હવે ખાદ્યતેલમાં ભેળસેળનું નવા પ્રકારનુ કૌભાંડ સામે આવ્યું છે. તેલના જૂના ડબ્બાઓમાં નવું પેકેજિંગ કરીને તેલ વેચાઈ રહ્યું છે. આ કારણે લોકોની હેલ્થ બગડી સકે છે. તેથી લોકોની હેલ્થ બગડે તે પહેલા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા આ અંગે આદેશ કરવામા આવ્યા છે. રાજ્યના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે ફૂડ આઈટમના પેકેજિંગ માટે રિસાયકલ્ડ ટીનના ગેરકાયદે વપરાશ કરતા ઉત્પાદકો પર બાજ નજર રાખવા તમામ જિલ્લાના ડેઝિગ્નેટેડ ઓફિસરોને નિર્દેશ કર્યો છે. ઉત્પાદકો અવાર નવાર રિસાઈકલ્ડ (જૂના ટીન) નો ઉપયોગ કરતાં હોય છે, આવી પેઢીઓની તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવા માટે તંત્રે રાજ્યભરના ડેઝિગ્નેટેડ ઓફિસરોને સૂચના આપી છે. રિસાઈકલ કરાયેલા ટીન પહેલેથી જ એક વખત ઉપયોગમાં લેવાઈ ચૂક્યા હોય છે, ફૂડ આઈટમના વપરાશ પછી ગાહક દ્વારા તેનો નિકાલ કરવામાં આવે છે અને ત્યાર બાદ અનૈતિક રીત રસમ અપનાવી પેકર્સ દ્વારા તેનો પેકિંગ માટે ફરીથી ઉપયોગ કરવામાં આવે છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના નિયમો પ્રમાણે ખાવાની કોઈ પણ વસ્તુના પેકેજિંગ માટે વપરાયેલા કન્ટેનર ડબ્બાનો ફરીથી ઉપયોગ કરવા પર પ્રતિબંધ છે.

રિસાયકલ કરાયેલા ડબ્બા વ્યાપકપણે ઉપલબ્ધ હોવા છતાં ઘણા લોકો તેના ઉપયોગ સાથે સંકળાયેલા સંભવિત જોખમોથી હજુય અજાણ છે. યોગ્ય રીતે સાફ કર્યા વિના કે રિપર્પઝ કરાયા વિના ફરીથી ઉપયોગમાં લેવાતા આવા ડબ્બા સમય જતાં આરોગ્યને લગતા મોટા જોખમો ઊભા કરે છે. લોકો અજાણતા જ ખાદ્ય ચીજ વસ્તુઓને લગતા ચેપ, એલર્જી, રિએક્શન અથવા ગંભીર સ્વાસ્થ્યની સ્થિતિમાં મુકાઈ શકે છે. કેટલાક અભ્યાસમાં બહાર આવ્યું છે કે, નુકસાન પામેલા કે રિસાઈકલ કરેલા ડબ્બા માનવ શરીર પર પેટના ભાગના અવ્યવો પર ગંભીર અસર ઊભી કરી શકે છે.

## વાયુસેનાના કાફલા પર પીએએફએફના આતંકીઓએ હુમલો કર્યો? પૂંછ ટેરેરિસ્ટ એટેકમાં જૈશનું કનેક્શન

નવીદિલ્હી,

જમ્મુ અને કાશમીરના પુંછ જિલ્લામાં ગઈકાલે એટલે કે શનિવારે ૫ મેના રોજ આતંકવાદીઓએ ભારતીય વાયુસેના(આઈએએફ)ના કાફલા પર હુમલો કર્યો. આ હુમલામાં એરફોર્સના એક બાહોશ જવાન શહીદ થયા જ્યારે અન્ય ચાર ઘાયલ થયા હતા. પુંછમાં થયેલા હુમલામાં પીપલ્સ એન્ટી ફાસીસ્ટ ફ્રન્ટ (પીએએફએફ)નું નામ સામે આવી રહ્યું છે. આ આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલું છે.પીએએફએફે ગયા વર્ષે પણ આવો જ હુમલો કર્યો હતો.

મહત્વનું છે કે, આતંકવાદીઓ દ્વારા આ હુમલો એવા સમયે કરવામાં આવ્યો છે જ્યારે અનંતનાગ-રાજૌરી લોકસભા ક્ષેત્રમાં ત્રણ અઠવાડિયામાં મતદાન થવાનું છે. રવિવાર (૫ મે) સવારથી જ પુંછના જંગલોમાં આતંકવાદીઓને શોધવા માટે સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર આતંકીઓને પકડવા માટે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. સુરક્ષા દળોએ ચેકપોઈન્ટ ગોઠવી છે અને વિસ્તારમાં ચેકિંગ ચાલુ છે. ભારતીય સેનાના વધારાના દળો શનિવારે મોડી રાત્રે પૂંચમાં જરા વાલી ગલી પહોંચ્યા જે સર્ચ ઓપરેશનમાં મદદ કરી રહ્યા છે.

હુમલા બાદ ભારતીય વાયુસેનાએ કહ્યું કે, કાફલાને સુરક્ષિત કરી લેવામાં આવ્યો છે. વાયુસેનાએ કહ્યું કે, આતંકવાદીઓ સાથેની અથડામણમાં એરમેનોએ પણ જવાબી કાર્યવાહી કરી અને ગોળીબાર કર્યો. આ દરમિયાન પાંચ જવાનોને ગોળી વાગી હતી જે બાદ તેમને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન એક એરમેન શહીદ થયા છે. પુંછમાં આ આતંકવાદી હુમલા બાદ પીએએફએફ ફરી એકવાર ચર્ચામાં આવી ગયું છે. આવી સ્થિતિમાં આવો જાણીએ આ આતંકી સંગઠન વિશે.

સુત્રોના જણાવ્યા અનુસાર, પુંછમાં ઘાતકી હુમલો કરનાર આતંકવાદી સંગઠને ગયા વર્ષે પણ આવું જ કર્યું હતું. એરફોર્સના કાફલા પર હુમલા પછી અધિકારીઓને આતંકવાદીઓના એ જ જૂથની સંડોવણીની શંકા હતી જેમણે ગયા વર્ષે ૨૧ ડિસેમ્બરે નજીકના બફલિયાઝમાં સૈનિકો પર હુમલો કર્યો હતો. આ હુમલામાં ચાર જવાન શહીદ થયા હતા જ્યારે ત્રણ અન્ય ઘાયલ થયા હતા.

એક ખાનગી મીડિયાના અહેવાલ મુજબ પીએએફએફ આતંકવાદી મસૂદ અઝહરના નેતૃત્વમાં જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલ એક સંગઠન છે. તે ઘણીવાર ઘાટીમાં આતંકવાદી હુમલાઓ કરતું રહ્યું છે. ઓગસ્ટ ૨૦૧૯માં જ્યારે જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવામાં આવી ત્યારે આ આતંકવાદી સંગઠન ચર્ચામાં આવ્યું હતું. તાજેતરના સમયમાં પીએએફએફએ જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા દળો અને નાગરિકો પર મોટાભાગના આતંકવાદી હુમલાઓની જવાબદારી લીધી છે. પીએએફએફ આતંકવાદી હુમલા કરતી વખતે બોડી કેમેરાનો ઉપયોગ કરે છે. આ પછી વીડિયો જાહેર કરીને પ્રચાર કરવામાં આવે છે. ગૃહ મંત્રાલયે પીએએફએફને ગેરકાનૂની પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, ૧૯૬૭ની કલમ ૩૫ હેઠળ આતંકવાદી સંગઠન જાહેર કર્યું છે. આ આતંકવાદી સંગઠને છેલ્લા કેટલાક વર્ષોમાં ઘાટીના ઘણા નેતાઓ અને કાર્યકરોને મારી નાખવાની ધમકી આપી છે.

વાસ્તવમાં પીએએફએફે ગયા વર્ષે ૨૧ ડિસેમ્બરે સેનાના કાફલા પર હુમલો કર્યો હતો. સુરનકોટ પોલીસ સ્ટેશન હેઠળ ધેરા કી ગલી અને બફલિયાઝની વચ્ચે ધત્યાર વળાંક પર આતંકવાદીઓએ હુમલો કર્યો ત્યારે સૈનિકો આર્મીના વાહનમાં સર્ચ ઓપરેશન માટે જઈ રહ્યા હતા. આ ઓચિંતા હુમલામાં ચાર જવાન શહીદ થયા હતા જ્યારે ત્રણ જવાન ઘાયલ થયા હતા.ગયા વર્ષે જ ૨૦ એપ્રિલે પીએએફએફ આતંકવાદીઓએ પુંછ જિલ્લાના મેંધર તહસીલના ભટ્ટા દુરિયન વિસ્તારમાં સુરક્ષા દળો પર હુમલો કર્યો હતો. આ હુમલામાં સેનાના વાહનમાં આગ લાગી હતી જેમાં પાંચ જવાન શહીદ થયા હતા જ્યારે એક જવાન ઘાયલ થયો હતો. પીએએફએફે ઘટનાનો ૨.૫ મિનિટનો વીડિયો જાહેર કરીને હુમલાની જવાબદારી સ્વીકારી છે.

## યુપીની ઈકોનોમી પર 'રામલલ્લા'ના આશીર્વાદ! મંદિરને કારણોથી ભરાઈ સરકારી તિજોરી

લખનૌ,

અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ બાદથી રેકોર્ડ પ્રવાસીઓ રામલલ્લાના દર્શન કરવા માટે સતત અયોધ્યા જઈ રહ્યા છે. આ દરમિયાન એપ્રિલ ૨૦૨૪માં દેશમાં ૨.૧૦ લાખ કરોડ રૂપિયાનું રેકોર્ડ જીએસટી કલેક્શન આવ્યું છે. આમાં ખાસ વાત એ છે કે ઉત્તર પ્રદેશે ૧૯ ટકાની વૃદ્ધિ નોંધાવી છે અને મંથલી કલેક્શનમાં તમિલનાડુને પાછળ છોડી દીધું છે. એપ્રિલ ૨૦૨૪માં ૧૨,૨૯૦ કરોડ રૂપિયા સાથે યુપીએ મહારાષ્ટ્ર, કર્ણાટક અને ગુજરાત પછી જીએસટી કલેક્શનમાં ચોથું સૌથી મોટું રાજ્ય બની ગયું છે.અયોધ્યામાં રામ મંદિરનો રેકોર્ડ જીએસટી સંગ્રહમાં મોટો ફાળો હતો, કારણ કે જાન્યુઆરીમાં રામ મંદિરના ઉદ્‌ઘાટન પછી રાજ્યના પ્રવાસનમાં નોંધપાત્ર વધારો થયો છે. રાજ્યમાં રામ મંદિરના નિર્માણ બાદ પ્રવાસીઓમાં ભારે વધારો થયો છે, જેના કારણે સરકારી તિજોરી પણ ભરાઈ ગઈ છે.જીએસટી કલેક્શનના સંદર્ભમાં તમિલનાડુ દેશમાં સૌથી વધુ ફેક્ટરીઓ ધરાવતું રાજ્ય ૫માં સ્થાને જતું રહ્યું છે. એપ્રિલ ૨૦૨૩માં તમિલનાડુનું જીએસટી કલેક્શન રૂપિયા ૧૧,૫૫૯ કરોડ હતું જ્યારે યુપીનું રૂપિયા ૧૦,૩૨૦ કરોડ હતું. ઉત્તર પ્રદેશના જીએસટી કલેક્શનમાં આ વધારો કરચોરીને રોકવાના મજબૂત પગલાં અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર આક્રમક ખર્ચને કારણે જોવા મળ્યો છે.અયોધ્યામાં રામ મંદિરની પૂર્ણાહુતિ અને વિવિધ પહેલને જોતાં યુપીમાં પ્રવાસીઓ દ્વારા કુલ વાર્ષિક ખર્ચ ૨૦૨૫ ના અંત સુધીમાં રૂપિયા ૪ લાખ કરોડને પાર કરી શકે છે, જેના કારણે રાજ્યને નાણાકીય વર્ષ ૨૦૨૫માં ૨૦,૦૦૦-૨૫,૦૦૦ કરોડ રૂપિયાની વધારાની ટેક્સ આવક મળી શકે છે. એસબીઆઈ રિસર્ચ દ્વારા ૨૧ જાન્યુઆરીના રોજ બહાર પાડવામાં આવેલા રિપોર્ટ અનુસાર રાજ્ય સરકારે પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે આ પગલું ભર્યું છે.મનીકંટ્રોલના રિપોર્ટ અનુસાર અયોધ્યામાં રામ મંદિરની આસપાસ ધાર્મિક યાત્રામાં વધારો થવાને કારણે ઘણો ટ્રાફિક જોવા મળ્યો હતો. જેના કારણે હોટલ અને મુસાફરી માટે મોટા પાયે ચૂકવણી કરવામાં આવી હતી. આનાથી છેલ્લા કેટલાક મહિનામાં જીએસટીની આવકમાં રૂપિયા ૨૦૦-૩૦૦ કરોડની આવક થઈ છે પીડબ્લ્યુસીના જૈનના જણાવ્યા અનુસાર, યુપીનું મૂડી ખર્ચ પર ધ્યાન કેન્દ્રિત કરવાથી તેની આવકમાં વધારો થઈ શકે છે.

## દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર ભયંકર માર્ગ અકસ્માત, ૬ લોકોના મોત

નવીદિલ્હી,

રવિવારની સવારે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પરથી એક દર્દનાક અકસ્માતના સમાચાર સામે આવી રહ્યા છે. વાત જાણે એમ છે કે, અહીં એક અકસ્માતમાં ૬ લોકોના કમકમાટીભર્યા મોત થયા છે. સવાઈ માધોપુર જિલ્લાના બૌનલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રણથંભોર સ્થિત ત્રિનેત્ર ગણેશજીના દર્શન કરવા જઈ રહેલા ભકતોની કારને કોઈ અજાણ્યા વાહને ટક્કર મારી હતી. જેના કારણે કારમાં સવાર છ લોકોના ઘટના સ્થળે જ દર્દનાક મોત થયા હતા. અકસ્માતની માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને ત્યાંની પરિસ્થિતિ જોઈને તેઓ પણ સ્તબ્ધ થઈ ગયા. પોલીસે મૃતદેહોને સ્થાનિક હોસ્પિટલના શબઘરમાં રાખ્યા છે.

આ ઘટનાની વિગત એવી છે કે, આજે એટલે કે રવિવારે સવારે લગભગ ૭ વાગે આ દર્દનાક અકસ્માત થયો હતો. એક પરિવાર રણથંભોર સ્થિત ત્રિનેત્ર ગણેશજીના દર્શન કરવા કારમાં જઈ રહ્યો હતો.આ દરમિયાન બૌનલી પોલીસ સ્ટેશન વિસ્તારના બનાસ પુલિયા પાસે કોઈ અજાણ્યા વાહને તેમની કારને ટક્કર મારી હતી. જેના કારણે કારમાં સવાર ૭ લોકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા. આ અકસ્માતમાં કારમાં મુસાફરી કરી રહેલા આ પરિવારના બે બાળકો પણ ગંભીર રીતે ઘાયલ થયા હતા.

અકસ્માતની માહિતી મળતાની સાથે જ સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પરંતુ ત્યાંની સ્થિતિ જોઈને પોલીસકર્મીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. બાદમાં ઘાયલો અને મૃતકોને તાત્કાલિક એમ્બ્યુલન્સ દ્વારા સ્થાનિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ત્યાં તબીબોએ છ લોકોને મૃત જાહેર કર્યા હતા. ઘાયલોની સારવાર શરૂ કરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, અકસ્માતનો ભોગ બનેલા લોકો સીકર જિલ્લાના હોવાનું કહેવાય છે.આ તરફ પોલીસે અકસ્માતનો ભોગ બનેલા પરિવારોને જાણ કરી છે. અકસ્માતની માહિતી મળતા જ વરિષ્ઠ અધિકારીઓ પણ ઘટનાસ્થળે અને હોસ્પિટલ પહોંચી ગયા હતા. હાલ અકસ્માતનું કારણ જાણી શકાયું નથી. ક્યા વાહને કારને ટક્કર મારી તે હજુ બહાર આવ્યું નથી. આ હાઈવે પર આ પ્રકારનો આ પહેલો અકસ્માત નથી. વાસ્તવમાં હાઈવે ખુલ્યા બાદ તેના પર અનેક મોટા અકસ્માતો થયા છે.

## ત્રીજા તબક્કાની ચૂંટણીના પ્રચારના પડઘમ શાંત, ૭ મેના રોજ ૯૩ બેઠકો પર મતદાન થશે

નવીદિલ્હી,

દેશમાં ચાલી રહેલી લોકસભાની ચૂંટણીમાં અત્યાર સુધીમાં બે તબક્કાનું મતદાન થયું છે. હવે ત્રીજા તબક્કાનું મતદાન આગામી ૭મી મેના રોજ થવાનું છે. ત્રીજા તબક્કાના મતદાનને કારણે આજે એટલે કે ૫મી મેના રોજ સાંજે પાંચ વાગે ચૂંટણીનો પ્રચાર બંધ થઈ ગયો છે ત્રીજા તબક્કામાં ૭મી મેના રોજ ગુજરાતની ૨૫ સહીત ૧૨ રાજ્યો-કેન્દ્ર શાસિત પ્રદેશની ૯૩ બેઠકો પર મતદાન હાથ ધરાશે.

લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કામાં ગુજરાતમાં લોકસભાની ૨૬ પૈકી ૨૫ બેઠક પર મતદાન હાથ ધરાશે. સુરતની બેઠક ભાજપે બિનહરીફ જીતી લીધી છે. આથી સુરત સિવાયની બાકીની ૨૫ બેઠકો પર મતદાન હાથ ધરાશે. લોકસભાની ૨૫ બેઠકોની સાથેસાથે ગુજરાત વિધાનસભાની ચાર બેઠકોની પેટાચૂંટણી પણ યોજાશે. જે મુખ્યત્વે કોંગ્રેસમાંથી રાજીનામુ આપીને ભાજપમાં જોડાયેલા ધારાસભ્યોને કારણે ખાલી પડેલી બેઠકનો સમાવેશ થાય છે. આ બેઠકોમાં પોરબંદર, વિજાપુર, ખંભાત, માણાવદર અને વાઘોડિયા બેઠકનો સમાવેશ થાય છે.

ત્રીજા તબક્કાની ચૂંટણીમાં કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ, મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્ય પ્રધાન શિવરાજ ચૌહાણ, દિગ્વિજય સિંહ, ડિમ્પલ યાદવ, સુપ્રિયા સુલે સહિત અનેક મોટા ઉમેદવારોના ભાવીનો ફેંસલો થશે. અત્યાર સુધી દેશમાં લોકસભાની ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૧૯મી એપ્રિલે ૨૧ રાજ્યોની ૧૦૨ બેઠકો પર મતદાન થયું હતું,

ત્યારબાદ બીજા તબક્કાની ચૂંટણીમાં ૨૬ એપ્રિલે ૮૮ બેઠકો પર મતદાન થયું હતું, ત્યારબાદ હવે ત્રીજા તબક્કાનું મતદાન ૭ મેના રોજ થશે. જે બાદ ચોથા તબક્કાનું મતદાન આગામી ૧૩ મેના રોજ, પાંચમા તબક્કાનું ૨૦ મેના રોજ, છઠ્ઠા તબક્કાનું ૨૫ મેના રોજ અને સાતમા તબક્કાનું મતદાન આગામી ૧ જૂને થશે. જ્યારે ૪ જૂને મત ગણતરી થશે.

ત્રીજા તબક્કાના પ્રચારના પડઘમ આજે સાંજે શાંત થયા છે તે પહેલા તમામ રાજકીય પક્ષોએ મતદારોને આકર્ષિત કરવાના પ્રયાસો કર્યા હતાં અને રેલીઓ રોડ શોનું આયોજન કર્યું હતું. ૭મી મે ના રોજ યોજાનારા મતદાનના ત્રીજા તબક્કામાં ગુજરાત, કર્ણાટક, મધ્યપ્રદેશ, આસામ, બિહાર, છત્તીસગઢ, ગોવા, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, દાદરા અને નગર હવેલી દમણ અને દીવ, જમ્મુ અને કાશ્મીરની બેઠકોનો સમાવેશ થાય છે.

જોકે, ચૂંટણી પંચે જમ્મુ-કાશ્મીરની અનંતનાગ રાજૌરી સીટ પર મતદાનની તારીખમાં ફેરફાર કર્યો છે. હવે અહીં છઠ્ઠા તબક્કામાં ૨૫ મેના રોજ મતદાન થશે. મતદાનની ટકાવારી વધારવા માટે ચૂંટણી પંચ મતદાર જાગૃતિ અભિયાનના અનેક કાર્યક્રમોનું આયોજન કરી રહ્યું છે.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર
પંચમહાલ સમાચાર

# જીલ્લા ચુંટણી અધિકારીની ઉપસ્થિતીમાં જીલ્લાવાસીઓ ''રન ફોર વોટ'' માં જોડાયા




નડિયાદ,
જીલ્લા ચૂંટણી અધિકારી અમિત પ્રકાશ યાદવ અને જીલ્લા વિકાસ અધિકારી એસ.ડી.વસાવાએ લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અંતર્ગત મતદાન જાગૃતિ માટે સવારે ૦૬:૦૦ કલાકે જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, નડિયાદ ખાતેથી એક કિમીની શોર્ટ રૂટ અને ૦૫ કિમીની લોંગ રૂટ માટે રન ફોર વોટ કેમ્પેઈનને ફ્લેગ ઓફ કરાવ્યું હતું. જેમાં જીલ્લા ચૂંટણી અધિકારી અમિત પ્રકાશ યાદવે ૦૫ કિમીની લોંગ રૂટની આગેવાની લઈ જીલ્લાવાસીઓને મતદાન કરવા માટે પ્રેરણા આપી હતી. જીલ્લા ચૂંટણી તંત્રના અધિકારીઓ તથા જીલ્લાનાં યુવાનો, રમતવીરો, સીનીયર સિટીઝનો, કર્મચારીઓ, દિવ્યાંગો, પોલીસ જવાનો અને વિશેષ કરીને મહિલાઓ સહિત ૯૦૦ થી વધુ લોકોએ જોડાઈને નડિયાદ શહેરમાં મતદાન જાગૃતિનો સંદેશો આપ્યો હતો.

જેમાં સિનિયર સીટીઝનો માટે રમત ગમત સંકુલથી સલુણ પોલીસ ચોકી થઈ રમત સંકુલ પરત સુધી એક કી.મી માટે અને રમત સંકુલના ખેલાડીઓ તથા પોલીસ જવાન/હોમગાર્ડ માટે રમત સંકૂલથી સલુણ પોલીસ ચોકી, સરદાર પટેલ જન્મસ્થળ, ઈપ્કોવાલા હોલ સર્કલ, મહાગુજરાત સર્કલ થઈ સલુણ પોલીસ ચોકીથી રમત સંકુલ પરત સુધીની ૦૫ કિ.મી ની લોંગ રૂટની રન ફોર વોટ કરી ૦૭ મે, ૨૦૨૪ મતદાનનાં દિવસે લોકોને મત આપવા પ્રેરણા આપવામાં આવી હતી.

આ પ્રસંગે જીલ્લા કલેકટરએ નડિયાદ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે આવેલ કોન્ફરન્સ રૂમ, ફીઝીયોથેરાપી હોલ, સ્વીમીંગ પુલ, આર્ચરી, વોલીબોલ હોલ તથા વ્યુઇંગ ગેલેરી, એ.વી હોલ, જીમ અને ટેકવુડ હોલ સહિતની મુલાકાત લઈ વિવિધ સુવિધાઓનું નિરિક્ષણ કર્યુ હતું.

આ કાર્યક્રમમાં નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી કુસુમ પ્રજાપતિ, નડિયાદ પ્રાંત અધિકારી કે.એસ.સુવેરા, શિક્ષણ અધિકારી કલ્પેશ રાવલ, જીલ્લા રમત વિકાસ અધિકારી મનસુખ તાવથિયા, જીલ્લા રમત ગમત અધિકારી લક્ષમણસિંહ, શાસન અધિકારી ધારાબેન ઠાકર, પ્રાથમિક શિક્ષણ અધિકારી પરેશભાઈ, નડિયાદ સીટી મામલતદાર સહિત જીલ્લાનાં ઉચ્ચ અધિકારીઓ, પોલીસ જવાનો, યુવાનો, રમતવીરો, દિવ્યાંગો, સિનિયર સિટિઝનો, મહિલા અને શહેરનાં પ્રબુદ્ધ નાગરીકો જોડાયા હતા.

# મતદાન કરનાર અને કરાવનાર બંનેને અગવડ સુનિશ્ચિત કરતું મહિસાગર જીલ્લા વહીવટીતંત્ર

મહીસાગર,
મહિસાગર જીલ્લા ચુંટણીતંત્ર દ્વારા છાંયડો કે શેડ ન હોય તેવા કુલ–૨૩૭ મતદાન મથકો ઉપર શેડની, હિટવેવથી બચવા મતદાન મથક દિઠ–૧૦ જગ પીવાના પાણી તથા ૧ જગ રેડી ટુ યુઝ ઘઝ્જ, દરેક મતદાન મથક ઉપર મેડીકલની ફસ્ટ એઇડ કીટ તથા પુરતાં પ્રમાણમાં ORSના પેકેટ વગેરેની વ્યવસ્થા કરવામાં આવનાર છે. વધુમાં, જીલ્લા ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ દરેક મતદાન મથકો માટે આરોગ્યની ટીમો નિમાયેલા ઝોનલ અધિકારી સાથે સંકલનમાં રહી કામ કરશે. જરૂરીયાતના સમયે તાલુકા હેલ્થ ઓફીસરનો સંપર્ક કરવા માટે ખાનપુર–૭૫૬૭૮૬૩૩૬૯, લુણાવાડા– ૬૩૫૯૯૭૩૭૪૩, કડાણા – ૮૯૮૦૫૧૪૨૫૪,.સંતરામપુર– ૮૧૫૫૦૯૨૨૯૭, વિરપુર– ૭૫૬૭૮૬૩૩૬૯, બાલાસિનોર – ૭૫૬૭૮૬૩૩૬૬ નંબર ઉપર સંપર્ક કરી શકો છે.૮૫થી વધુ ઉંમરના મતદારો, દિવ્યાંગ મતદારો, અશકત મતદારો તથા બિમાર મતદારો માટે જરૂરીયાત મુજબ બુથ ઉપર ફ્રી પીકઅપ અને ડ્રોપની સુવિધા તથા વોલેન્ટીયર્સ અને વ્હિલચેરની વ્યવસ્થા તથા એક જ સ્થળ પર ત્રણ કે તેથી વધુ મતદાન મથક હોય તેવા ૧૮ સ્થળ ઉપર કૂલર તેમજ ૨૧ સખી, ૩ ડ્ઠઉ, ૩ મોડેલ તથા ૧ યુવા મતદાન મથક ઉપર પણ કૂલરની વ્યવસ્થા કરવામાં આવેલ છે. ચૂંટણી ફરજ ઉપરના સ્ટાફને અગવડતા ન પડે એ માટે આરોગ્ય વિભાગ તરફથી ફસ્ટ એઇડ કીટ તથા વેલફેર કીટમાં ટૂથપેસ્ટ, ટુથબ્રશ, શેમ્પુ, હેર ઓઇલ, નાહવાનો સાબુ, જીપર બેગ, બિસ્કીટ, ઈન્સટન્ટ કોફી/ટી, ચણાનું પેકેટ, પીનટનું પેકેટ, ફાસ્ટ કાર્ડ, ખજૂરનું પેકેટ, એનર્જી ડ્રિકનું પેકેટ વિગેરે જેવી પ્રાથમિક જરૂરીયાતની ચીજવસ્તુની કીટ મતદાન મથકના તમામ પોલીંગ સ્ટાફને પુરી પાડવામાં આવનાર છે

આ ઉપરાંત જીલ્લા ચૂંટણી વહીવટી તંત્ર દ્વારા મતદાન સાથે સંકળાયેલ તમામ કર્મચારીઓને મતદારો સાથે અનુકૂળ વ્યવહાર કરવા માટે તાલીમબદ્દઘ કરવામાં આવેલ છે. ડીસ્પેચીંગ વખતે મતદાન મથક ઉપર જનાર સ્ટાફને અગવડતા ન પડે એ માટે ઓર્ડર વિતરણ કાઉન્ટર તથા ઝોનલ વાઈઝ ડીસ્પેચીંગ પ્લાન તથા ડીસ્પેચીંગ સેન્ટર ઉપર મોબાઈલ, ટોયલેટ, ઠંડુ પાણી, લાઈવ ફુડ તથા આકસ્મિક સમય માટે મેડીકલ કેમ્પનું આયોજન જ્યારે રીસીવીંગ સમયનો રીસીવીંગ પ્લાન તથા સેન્ટર ઉપર જરૂરી લાઈવ ફૂડ તથા રસના/છાસની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવેલ છે.


લુણાવાડાની એસ.કે.હાઈસ્કુલના શિક્ષકોએ કોટેજ ચાર રસ્તા પાસે રંગોલી સજાવી મતદાર જાગૃતિનો સંદેશ પાઠવ્યો હતો.

# મહિસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાના મલેકપુર ગાયત્રી શકિતપીઠ



મલેકપુર,
ગાયત્રી શક્તિપીઠ મલેકપુર નો ૧૬ મો પાટોત્સવ ઉજવવામાં આવ્યો તેમાં આદરણીય લાલજીભાઈ તથા નરવતભાઈની ટીમ દ્વારા સમગ્ર કર્મકાંડ કરાવવામાં આવ્યું. પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞામા મલેકપુર તથા આજુબાજુના ગામના પરીજનોએ ઉત્સાહભેર ભાગ લીધો ઈન્દ્રસિંહ પુવાર તથા નાનુભાઈ ખાટ તથા ઉદેસિહભાઈ તથા કરણસિંહજી તથા ભરતભાઈ ઠાકર તથા નયનાબેન ભટ્ટ તથા માનસિંહજી તથા વડા ગામ તથા લુણાવાડા ગાયત્રી પરિવારની બહેનો એ આ કાર્યક્રમને દિપાવ્યો મહીસાગર જીલ્લાના સંયોજક જે.કે.પટેલ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા. શક્તિપીઠના ટ્રસ્ટીઓ વિલાસબેન તથા ભીખાભાઈ પટેલ તથા મોતીભાઈ પટેલ તથા સમગ્ર પરિજન ભાઈ બહેનોએ ખૂબ ઉત્સાહભેર આ કાર્યક્રમમાં ભાગ લીધો. શક્તિપીઠના ઉપપ્રમુખ શૈલેષભાઈ પંડ્યા દ્વારા કાર્યક્રમના અંતે આભાર વિધિ કરવામાં આવી હતી.

# લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૨૪ અંતર્ગત ૭મેના રોજ શ્રમયોગીઓની મતદાન માટે રજા આપવાની રહેશે

મહીસાગર,
આગામી તા.૦૭/૦૫/૨૦૨૪ ના રોજ લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ માટે મતદાન યોજાનાર છે. જેથી ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ) એક્ટ–૨૦૧૯, કારખાના અધિનિયમ–૧૯૪૮, બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્ક્સ એક્ટ– ૧૯૯૬, કોન્ટ્રાકટ લેબર અધિનિયમ–૧૯૭૦ હેઠળ નોંધણી થયેલ સંસ્થા/સાઈટ પરના શ્રમયોગીઓ મતદાનના દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તેમજ લોક પ્રતિનિધિત્વ ધારા,૧૯૫૧ ની કલમ–૧૩૫(બી) મુજબ નોંધણી થયેલ સંસ્થા/સાઈટ પરના શ્રમયોગીઓ મતદાનના દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે સવેતન રજા આપવાની રહેશે. આ જોગવાઈ અનુસાર જાહેર રજા કરવાને કારણે સંબંધિત શ્રમયોગીઓ/કર્મચારીઓના પગારમાંથી કોઈ કપાત કરવાની રહેશે નહીં

જે શ્રમયોગીઓને ગેરહાજરીથી જોખમ ઉભુ થવાના સંજોગો / શક્યતા હોય અથવા જે વ્યવસાય અને રોજગાર સાથે સંકળાયેલ હોય તે રોજગારમાં મોટા પ્રમાણમાં નુકશાન થવા સંભવ હોય તેવા કિસ્સામાં અથવા સતત પ્રક્રિયાવાળા કારખાનામાં કામ કરતાં શ્રમયોગીઓ/કર્મચારીઓ તેમના મત આપવાનો અધિકાર ભોગવી શકે તે માટે તેમની ફરજના સમયમાંથી મતદાનના સમયગાળા દરમ્યાન ત્રણથી ચાર કલાક વારા–ફરતી મતદાન માટે સવેતન રજા આપવાની રહેશે.

જો કોઈ કારખાનેદાર માલિક કે નોકરીદાતા ઉપરોક્ત જોગવાઈથી વિરૂધ્ધનું વર્તન કરશે તો ઉપરોક્ત કાયદા હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ સરકારી શ્રમ અધિકારી મહીસાગર, લુણાવાડાની અખબારી યાદીમાં જણાવેલ છે.

# ડાકોર નગર પાલિકા દ્વારા શ્રમયોગીઓને મતદાન માટે રજા આપવા સુચના આપવામાં આવે છે

નડિયાદ,
ડાકોર નગરપાલિકા જણાવે છે કે, લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ તા.૦૭/૦૫/૨૦૨૪, મંગળવારના રોજ જે –તે મતવિભાગમાં યોજાનાર છે. ત્યારે જે તે વિસ્તારના સંસ્થાઓમાં કામ કરતાં શ્રમયોગીઓ/કર્મચારીઓ/ગુમાસ્તાધારા પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ ) એક્ટ ૨૦૧૯ હેઠળ આપવાની અઠવાડિક રજા જો મતદાનના દિવસે ન હોય તો અઠવાડિક રજા બદલી કરીને દુકાન અથવા સંસ્થામાં નોકરી કરતાં દરેક વ્યકિતની મતદાનના દિવસે રજા મંજૂર કરવાની રહેશે.

શ્રમયોગી/કર્મચારીના પગારમાંથી કોઇ કપાત કરવાની રહેશે નહીં. જો કોઈ માલિક લોકપ્રતિનિધિત્વ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૧૩૫– બી ની જોગવાઈ વિરૂધ્ધનું વર્તન કરશે તો દંડ અને શિક્ષાને પાત્ર રહેશે. આ અંગે કોઈપણ શ્રમયોગીઓ / કર્મચારીઓને મતદાન માટે રજા ન મળે તો ડાકોર નગરપાલિકાના કંટ્રોલરૂમના મો. નં. ૮૨૦૦૭૧૫૯૮૧ પર જાણ કરવાની રહેશે.

# નડિયાદ નગર પાલિકા દ્વારા શ્રમયોગીઓને ૦૭મેના રોજ મતદાન માટે રજા આપવા સૂચના આપવામાં આવે છે



નડિયાદ,
નડીઆદ નગરપાલિકાની અખબારી યાદીમાં જણાવવામાં છે કે, લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ તા. ૦૭/૦૫/૨૦૨૪, મંગળવારના રોજ નડીઆદ નગરપાલિકા વિસ્તારમાં જે તે મતવિભાગમાં યોજાનાર છે. ત્યારે જે તે વિસ્તારના સંસ્થાઓમાં કામ કરતાશ્રમયોગીઓ/કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ) એકટ ૨૦૧૯ હેઠળ આપવાની અઠવાડિક રજા જો મતદાનના દિવસે ન હોય તો અઠવાડિક રજા બદલી કરીને દુકાન અથવા સંસ્થામાં નોકરી કરતા દરેક વ્યકિતની મતદાનના દિવસે રજા મંજુર કરવાની રહેશે. શ્રમયોગી / કર્મચારીના પગારમાંથી કોઈ કપાત કરવાની રહેશે નહીં. જો કોઈ માલિક લોકપ્રતિનિધિત્વ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૧૩૫–બી ની જોગવાઈ વિરૂધ્ધનું વર્તન કરશે તો દંડ અને શિક્ષાને પાત્ર રહેશે. વધુ માહિતિ માટે નડીઆદ નગરપાલિકાના કંટ્રોલરૂમના હેલ્પ લાઈન નંબર ૦૨૬૮–૨૫૫૫૧૩૭૬ પર સંપર્ક કરી શકાશે.

# બીલીચા ખાત ગ્રામજનોને મતદાન અંગેની જાણકારી માટે ચુનાવી પાઠશાળા યોજાઈ

દાહોદ,
લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૨૪ને અનુલક્ષીને સ્વીપ અંતર્ગત જીલ્લા ચૂંટણી અધિકારી યોગેશ નિરગુડેના માર્ગદર્શન હેઠળ વિવિધ આયોજનો દ્વારા વધુમાં વધુ નાગરિકો જાગ્રત થઈને અચૂક મતદાન કરે તે માટે અનેકવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

જે ઉપક્રમે બીલીચા ગામ ખાતે મતદાતા જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત ચુનાવી પાઠશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રામજનોને ચાર્ટના નમૂના દ્વારા સી. યુ. તેમજ બી. યુ. ની કામગીરી તેમજ ચૂંટણી પ્રકિયા અંગેની વિસ્તૃત જાણકારી આપી દરેક મતનું મહત્વ સમજાવીને ૭ મે ના મંગળવારના દિવસે અચૂક મતદાન કરવા માટે અપીલ કરી હતી તેમજ ગામમાં રેલી કાઢીને અચૂક મતદાન કરવા માટેના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

# ફતેપુરા તાલુકામાં વલુંડા ખાતે મતદાના જાગૃતિ કાર્યક્રમ યોજાયો

દાહોદ,
આગામી દિવસોમાં આવનાર લોકસભા સામાન્ય ચૂંટણીને દયાને રાખી જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન જાગૃતિને લગતા વિવિધ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે. સ્વીપ અભિયાન હેઠળ સમગ્ર દાહોદ જીલ્લામાં ઠેર ઠેર જગ્યાઓએ ચૂંટણી અંગે લોકોને જાણકારી આપી અવશ્ય મતદાન કરવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

ફતેપુરા તાલુકામાં પણ વલુંડા ગામ ખાતે ગ્રામજનોને ચૂંટણીની મહત્વતા, એક મતની કિંમત તેમજ મત આપવાના પોતાના અધિકાર બાબતે વિગતે સમજાવવામાં આવ્યા હતા. મતદાનની પ્રક્રિયા કઈ રીતે થાય છે તેમજ તેનું મહત્વ શું જેવી લોકોને મૂંઝવતા સવાલો ની ચર્ચા કરી માહિતગાર કરવામાં આવ્યા હતા. છેલ્લે તમામ ગ્રામજનો દ્વારા સો ટકા મત આપવા માટેના શપથ લેવામાં આવ્યા હતા.

# દાહોદ જીલ્લામાં લીમખેડા-ઝાલોદ તાલુકા માંથી ૨.૨૪ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,
દાહોદ જીલ્લાના ઝાલોદ તેમજ લીમખેડા તાલુકામાંથી પોલીસે કુલ રૂપિયા બે લાખ ૨,૨૪,૮૮૦/– ના પ્રોહી જથ્થા સાથે એક મોટરસાયકલ તેમજ એક બોલેરો ફોરવીલર ગાડી કબજેક્ટ કર્યાનો જ્યારે બે બનાવમાં બે ઈસમો પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયા હતા. જ્યારે એકને ઝડપી પાડવામાં પોલીસને સફળતા મળી હોવાનું જાણવા મળે છે.

પ્રોહિનો પ્રથમ બનાવ લીમખેડા તાલુકાના કથોલીચા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તારીખ ૩ મે ના રોજ દાહોદ એલસીબી પોલીસને મળેલ બાંધવીના આધારે કથોલીચા ગામેથી વિસલંગા ચેડીયા જવાના રસ્તા પર નાકા બંધી કરી આવતા જતા તમામ નાના–મોટા વાહનોની તલાસી હાથ ધરતા હતા. તે સમયે ત્યાંથી બાદમીમાં દર્શાવેલ એક મોટરસાયકલ પસાર થઈ હતી. ત્યારે મોટરસાયકલના ચાલકે દૂરથી પોલીસને જોઈ પોતાના કબજાની મોટરસાયકલ સ્થળ પર મૂકી અંધારા નો લાભ લઈ નાશિક ગયો હતો ત્યારે પોલીસે મોટરસાયકલ પાસે જઈ તપાસ હાથ ધરતા મોટરસાયકલ નજીકથી વિદેશી દારૂ તથા બિયરની કુલ બોટલો નંગ. ૭૬૮ જેની કુલ કિંમત રૂપિયા ૧,૦૮,૦૦૦/– ના પ્રોહી જથ્થા સાથે મોટરસાયકલ ની કિંમત મળી પોલીસે કુલ રૂપિયા ૧,૪૩,૦૦૦/– નો મુદ્દા માલ કબજે કરી આ સંબંધે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે પ્રોહીબિશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બિશનરનો બીજો બનાવ ઝાલોદ તાલુકાના ગરાડુ ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તારીખ ત્રણ મે ના રોજ પોલીસને મળેલ બાદમીના આધારે ગરાડુ ગામે બોર ફળિયા માંથી પસાર થતા રોડ પર પોલીસે નાકાબંધી કરી આવતા જતા તમામ નાના–મોટા વાહનોની તલાસી હાથ ધરતા હતા. તે સમયે ત્યાંથી બાદમીમાં દર્શાવેલ એક બોલેરો ફોરવીલર ગાડી પસાર થઈ હતી. ત્યારે દૂરથી પોલીસને જોઈ ગાડીમાં સવાર બંને ઈસમો ભાગવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે પોલીસે ફિલ્મી ઢબે બોલેરો ગાડીનો પીછો કરતા ગાડીમાં સવાર પર્વતભાઈ પુંજાભાઈ મુનિયા (રહે. રજાયતા, મુનિયા ફળિયુ, તા. મોરવા હડફ, જી.પંચમહાલ) નાને પોલીસે બોલેરો ફોર વ્હીલર ગાડી સાથે ઝડપી પાડ્યો હતો. ત્યારે તેની સાથેનો સુરેશભાઈ (રહે મોરા, તા. મોરવા હડફ, જી. પંચમહાલ) નો પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યો હતો. ત્યારે પોલીસે બોલેરો ફોરવીલર ગાડીની તલાસી લેતા તેમાંથી બિયરની કુલ બોટલો નંગ.૧૦૦૮ જેની કિંમત રૂપિયા ૧,૧૬,૮૮૦/–ના પ્રોહી જથ્થા સાથે બોલેરો ગાડી ની કિંમત મળી પોલીસે કુલ રૂપિયા ૪,૧૬,૮૮૦/– નો મુદ્દામાલ કબજે કરી આસંબંધે ઝાલોદ પોલીસે પ્રોહિબિશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બ્રાઝિલમાં ભારે વરસાદથી મૃત્યુઆંક વધીને ૫૭; ૩૨ હજાર વિસ્થાપિત

સાઓ પાઉલો
બ્રાઝિલના દક્ષિણી રાજ્ય રિયો ગ્રાન્ડે દો સુલમાં ભારે વરસાદ બાદ મૃત્યુઆંક વધીને ૫૭ પર પહોંચી ગયો છે. સ્થાનિક અધિકારીઓએ શનિવારે આ માહિતી આપી હતી. ઉરુગ્વે અને આર્જેન્ટિનાની સરહદે આવેલા રાજ્ય રિયો ગ્રાન્ડે દો સુલની નાગરિક સુરક્ષા સત્તાધિકારીએ જણાવ્યું હતું કે ૬૭ લોકો હજુ પણ ગુમ છે. ૩૨ હજારથી વધુ લોકો વિસ્થાપિત થયા છે. રાજ્યના ૪૯૭ શહેરોમાંથી બે તૃતિયાંશ વિસ્તારને વાવાઝોડાએ અસર કરી છે. પૂરના કારણે ઘણા વિસ્તારોમાં રસ્તાઓ અને પુલો નાશ પામ્યા છે. ભૂસ્ખલનથી નાના હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર પ્લાન્ટના ડેમને આંશિક નુકસાન થયું છે. બેન્ટો ગોન્સાલ્વીસ શહેરમાં બીજો ડેમ પણ તૂટી પડવાનું જોખમ છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

રિયો ગ્રાન્ડે દો સુલની રાજધાની પોર્ટો એલેગ્રેમાં ગુઆઈબા તળાવમાં પાણી વધ્યું, શેરીઓ છલકાઈ ગઈ. પોર્ટો એલેગ્રેના આંતરરાષ્ટ્રીય એરપોર્ટે તમામ ફ્લાઈટ્સ અનિશ્ચિત સમય માટે સ્થગિત કરી દીધી છે. રાજ્યના હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી છત્રીસ કલાકમાં રિયો ગ્રાન્ડે દો સુલના ઉત્તર અને પૂર્વોત્તર વિસ્તારોમાં વરસાદની સંભાવના છે. જો કે વરસાદનું પ્રમાણ ઘટી રહ્યું છે.

# આપની આજ.......

મેષઃ આજે તમામ કામ પૂર્ણ મહેનતથી કરશો, જેના કારણે દિવસભર લાભની તકો મળશે. તમે પરિવારમાં શાંતિ અને સ્થિરતાનો આનંદ મેળવશો. જો તમે નોકરી અને ધંધામાં કેટલાક સકારાત્મક પગલા ભરો છો તો પછીથી માત્ર લાભ થશે, પરંતુ કામમાં નવી તાજગી પણ આવશે.

વૃષભઃ કૌટુંબિક ખર્ચામાં વધારો થવાને કારણે તમે દબાણનો અનુભવ કરી શકો છો. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કેટલીક અડચણોનો સામનો કરવો પડી શકે છે.

મિથુનઃ ધંધાના મામલામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની સંભાવના છે. રોજિંદા કાર્યોથી આગળ કંઈક નવું કરવાનો પ્રયાસ કરો. લવ મેરેજમાં રસ ધરાવતા લોકો માટે સમય અનુકૂળ છે.

કર્કઃ કાર્યક્ષેત્રમાં આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર કેન્દ્રિત રહેશે અને તમને અધિકારીઓનો પૂરો સહયોગ પણ મળશે. ધાર્મિક યાત્રા પર જવા માટે અચાનક યોજના બનશે, જેનાથી મનને શાંતિ પણ મળશે.

સિંહઃ ઉતાવળમાં કોઈ કાર્ય કરવાનું ટાળો, નહીં તો મુશ્કેલી વધી શકે છે, તેથી બધું કાળજીપૂર્વક કરો. અધિકારીઓ સાથેના સંબંધો સુધરશે અને રોજગારની સ્થિતિમાં સુધાર થશે.

કન્યાઃ આજનો દિવસ સામાન્ય રહેશે. ભાગીદારીમાં કરવામાં આવતા ધંધામાં ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજ પતાવવાની આજે સુવર્ણ તક છે. કાર્યક્ષેત્રમાં કાર્ય સમયે મન બીજે ક્યાંક ભટકવાનું શરૂ કરશે, જેના કારણે થોડી ખોટ રહેશે. પરંતુ સ્વાર્થને લીધે લોકો તમારી ભૂલને અવગણી શકે છે.

તુલાઃ આજે તમને રચનાત્મક કાર્ય કરવાનું મન થશે. આજે તમારી આસપાસનું વાતાવરણ હળવું બનશે. દિવસના પહેલા ભાગમાં થોડી મૂંઝવણ રહેશે, જેના કારણે મન પરેશાન થઈ શકે છે.

વૃશ્ચિકઃ આજે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે ખાસ ધ્યાન રાખશો. તમારા આહારમાં બેદરકાર ના બનો. બિઝનેસમાં જોખમ લેવાનું પરિણામ આજે ફાયદાકારક રહેશે. ધૈર્ય અને તમારા નરમ વર્તનથી ઘરની સમસ્યાઓ સુધારી શકાય છે.

ધનઃ ધંધામાં ઝડપથી નિર્ણયો નહીં લેવાને કારણે કોઈ અવરોધ અથવા નુકસાન થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મોટાભાગની યોજનાઓ સફળ થશે, જેનાથી તમારો આત્મવિશ્વાસ વધશે.

મકરઃ આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે, પરંતુ કોઈ નિર્ણય લેવામાં ભૂલ થઈ શકે છે. કોઈ મોટું કામ કરતા પહેલાં અનુભવી લોકો સાથે સલાહ લેવાનું નિશ્ચિત કરો.

કુંભઃ વ્યસ્તતા દિવસભર રહેશે પરંતુ ધાર્મિક કાર્યો માટે સમય કાઢશો. જીવનસાથી તમને કાર્યક્ષેત્રમાં દગો આપી શકે છે, તેથી કાળજીપૂર્વક કામ કરો. જો વિદ્યાર્થીઓ અભ્યાસ માટે થોડો સમય કાઢશે તો તે વધુ સારું રહેશે.

મીનઃ આર્થિક મામલામાં સ્પષ્ટતાના અભાવને કારણે કોઈ પ્રિયજન સાથે વિવાદ થઈ શકે છે. પરસ્પર વાટાઘાટો, વ્યવહારમાં સંયમ અને સાવચેતી રાખવી. બપોરે કામના ઘસારાને લીધે તમે શારીરિક નબળાઈ અનુભવી શકો છો, જેનાથી હાથ અને પગ પર અસર થઈ શકે છે.

પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા સહિત જીલ્લામાં જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીના ૫૪૭માં પ્રાગટ્ય મહોત્સવ ઉજવાયો



જગતગુરૂ શ્રીમદ વલ્લાભાચાર્ય મહાપ્રભુજીના ૫૪૭ માં પ્રાગટ્ય મહોત્સવની ઉજવણી ગોધરા સહિત જીલ્લાના વૈષ્ણવ મંદિરોમાં ખૂબ જ આનંદ ઉલ્લાસ અને ભક્તિપૂર્વક કરવામાં આવી હતી. ૧૧ વર્ષની બાળવયે શ્રીમદ વલ્લાભાચાર્યએ ભારત વર્ષનો પરિભ્રમણ કરવાનો સંકલ્પ શરૂ કર્યો અને ભગવાનથી વિમુખ થઈ ગયેલા જીવોને સન્મુખ કરવા માટે આ યાત્રાનો પ્રારંભ કર્યો. જે અંતર્ગત ભારત વર્ષમાં પરિક્રમા દરમિયાન વલ્લભ પ્રભુ જ્યાં જ્યાં પધાર્યા ત્યાં તેઓએ ભાગવત સપ્તાહનું પારાયણ કરીને તે ભૂમિને વ્રજ સમાન બનાવી દીધી. સમગ્ર ભારત વર્ષમાં ૮૪ સ્થળોને બેઠકજી તરીકે ઓળખવામાં આવે છે.

આ તમામ બેઠકોમાં ઝારી ચરણસ્પર્શ અને દર્શનનો લાભ લઈ વૈષ્ણવો ધન્યતા અનુભવે છે. ગોધરા ખાતેની ૭૦ મી બેઠક રાણાવ્યાસવાળી તરીકે ઓળખાય છે. મહાપ્રભુજીના મૂળ સિદ્ધાંત એ જ છે કે, આપને મંદિરમાં પ્રભુને મળવા જઈએ એ તો ઉત્તમ છે, પરંતુ આપનું ઘર જ મંદિર બને એ સર્વોત્તમ. આચાર્યએ જીવોના કલ્યાણનો માર્ગનો ઉપદેશ આપવા ત્રણ વખત ભારત વર્ષની પરિક્રમા કરીને સર્વને શ્રીમદ ભગવતનું રહસ્ય સમજાવ્યું હતું. પુષ્ટિ સંપ્રદાયના પ્રણેતા આચાર્ય મહાપ્રભુજીના ૫૪૭માં પ્રાગટ્ય મહોત્સવ નિમિત્તે રાણા વ્યાસવાળી બેઠક ગોધરા ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરને રોશનીથી શણગારવામાં આવ્યું હતું. સપ્તાહ અગાઉ દરરોજ શયન દર્શન બાદ સમાજ અને આગલા દિવસે મોટા સમાજનું આયોજન કરવામાં આવતા વૈષ્ણવો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. પ્રાગટ્ય મહોત્સવ નિમિત્તે મંગળા, ધ્વજવંદન, કેસર સ્નાન, પલના નંદોત્સવ, રાજભોગ તિલક આરતી જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા.

બેઠકજીના ટ્રસ્ટીઓ દ્વારા શોભાયાત્રાની બોલી બોલી શોભાયાત્રાનું આયોજન નીજ મંદિરેથી પ્રસ્થાન થઈ નગરના રાજમાર્ગો પર બેન્ડવાજાની સુરાવલીઓમાં ભક્તિસભર વાતાવરણમાં યાત્રા સંપન્ન થઈ હતી. શોભાયાત્રાનું વૈષ્ણવો અને સામાજીક સેવાભાવી સંસ્થાઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. વૈષ્ણવ સમાજ તથા પુષ્ટિમાર્ગીય સોની સંગઠન ગોધરા દ્વારા સોની સમાજ માટે સાંજના સમયે મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના મનોરથી મનોજભાઈ સાંકળચંદ સોની પરિવાર હતું.

# ગોધરા ચંચેલાવ ગામે સરકારી દુકાનમાં જીલ્લા પુરવઠા અધિકારીના ચેકિંગ દરમિયાન સંચાલક અને ઓપરેટર નસાની હાલતમાં ઝડપાયા

ગોધરા,

પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી અને તેમની ટીમ દ્વારા ગોધરા તાલુકાની ચંચેલાવ ગામે સરકારી અનાજની દુકાનમાં ચેકિંગ કરવામાં આવતા સંચાલક અને ઓપરેટર દ્વારા નશાની હાલતમાં ઝડપાયા હતા. બંને વિરૂદ્ધ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી એચ.ટી. મકવાણા અને ટીમ સાથે બે મહિના રોજ ચંચેલાવ સરકારી અનાજની દુકાનમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ત્યારે દુકાન બંધ મળી હતી બાદમાં જ ૦૪ મે ૨૦૨૪ના રોજ જીલ્લા પુરવઠા અધિકારી અને ટીમ દ્વારા સંચાલક ગામની દુકાનમાં અચાનક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ત્યારે સરકારી સંસ્થા અનાજની દુકાનના સંચાલક નરવતભાઈ સોમાભાઈ પટેલ અને ઓપરેટર દિલીપભાઈ સોમાભાઈ પટેલ દુકાન પર નશાની હાલતમાં જણાઈ આવતા હોય આ બાબતે નાયબ મામલતદાર પુરવઠા ગોધરા દ્વારા સંચાલકો અને ઓપરેટર વિરૂદ્ધ સંચાલક ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# હાલોલ-બોડેલી રોડ ધનકુવા કંસારાવાવ પાસે કાર ઝાડ સાથે અથડાતા ૬૫ વર્ષીય ચાલકનું ઘટના સ્થળે મોત

હાલોલ,

હાલોલ–બોડેલી હાઈવે રોડ ઉપર ધનકુવા કસારાવાવ ગામ પાસે વહેલી સવારે રોડ ઉપર પુરઝડપે પસાર થતી સેલેટીઓ કાર રોડ ઉપરથી ઉતરીને ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ જતાં ૬૫ વર્ષીય વ્યકિતનું ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું. જ્યારે તેમની પત્નીને ગંભીર ઈજાઓ પહોચતા સારવાર અર્થે ૧૦૮માં બોડેલી ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો મુજબ



છોટાઉદેપુરના પાવીજેતપુર ગામે રહેતા નિશાર અહેમદ ઈબ્રાહીમ અને તેમના પત્ની હમીદાબેન પાંચ દિવસ પહેલા નૈનીતાલ પ્રવાસે ગયા હતા. પાવીજેતપુર થી વડોદરા કારમાં ગયા હતા અને કાર વડોદરા ખાતે મુકીને પ્રવાસે ગયા હતા. પ્રવાસેથી પરત આવતા વડોદરા થી કાર લઈને પાવી જેતપુર પરત ફરી રહ્યા હતા. ત્યારે હાલોલ–બોડેલી હાઈવે રોડ ઉપર ધનકુવા કસારવાવ ગામ નજીક વહેલી સવારે સેલેટીઓ કાર ઉપરથી કાબુ ગુમાવી દેતા રોડ ઉપર સાઈડે ઉતરીને ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી. જેને લઈ નિશાર અહેમદ દડી ઉ.વ.૬૫નું ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું હતું. જ્યારે હમીદાબેનને ઈજાઓ પહોંચતા ૧૦૮ એમ્બયુલન્સ દ્વારા દવા સારવાર માટે બોડેલી ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# દસ મિનીટ,પંચમહાલ જીલ્લા માટે ગોધરા ખાતે મતદાન જાગૃત્તિ અર્થે રન ફોર વોટ રેલી યોજાઈ




ગોધરા,

લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અંતર્ગત પંચમહાલ જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર આશિષ કુમારના માર્ગદર્શન હેઠળ ૧૮–પંચમહાલ સંસદીય વિસ્તારમાં વધુમાં વધુ લોકો ૭ મે ના રોજ લોકશાહીના પર્વમાં પોતાની ભાગીદારી સુનિશ્ચિત કરીને પોતાનો કિંમતી મત આપે તે માટે વિવિધ મતદાન જાગૃતિના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.જીલ્લામાં સ્વીપ એક્ટિવિટી અંતર્ગત ટી.આઈ.પી નોડલ અને જીલ્લા વિકાસ અધિકારી દ્વારા પંદર દિવસીય મતદાન જાગૃતિના કેમ્પેઈન અંતર્ગત આજે અંતિમ દિવસે સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ગોધરા ખાતે રન ફોર વોટનું આયોજન કરાયું હતું. અધિક કલેક્ટર એમ.ડી.ચુડાસમા દ્વારા લીલી ઝંડી આપીને રન ફોર વોટ રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું.આ રેલીમાં રમતવીરો,શિક્ષકો,સિનિયર સિટીઝન ઉપસ્થિત રહ્યા હતા અને મતદારોને વધુમાં વધુ મતદાન કરવા પ્રેરિત કર્યા હતા. આ સાથે ૭ મે ના રોજ સહ પરિવાર મતદાન કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. રેલીમાં સ્વીપ નોડલ અને જીલ્લા શિક્ષણાધિકારી,પંચમહાલ તથા જીલ્લા રમત વિકાસ અધિકારી દ્વારા વધુમાં વધુ મતદાન માટે અપીલ કરાઈ હતી.

# લોકસભા ચૂંટણી મતદાન પહેલા ગોધરા બી ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં જીલ્લા પોલીસવાળા અને અધિકારીઓ દ્વારા પોલિંગ બુથ વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કરાયું



ગોધરા,

૦૭મેના રોજ ગુજરાત રાજ્ય સહિત પંચમહાલ લોકસભા બેઠક ઉપર મતદાન યોજનાર છે. જેને લઈ પંચમહાલ જીલ્લા પોલીસ અધિક્ષક સહિતની ટીમ દ્વારા ગોધરાના બી ડિવિઝન વિસ્તારમાં કોલિંગ બુથો ઉપર પોલીસનું ફૂટ પેટ્રોલિંગ યોજવામાં આવ્યું હતું.

પંચમહાલ જીલ્લા લોકસભા ચૂંટણીને લઈ જીલ્લા પોલીસ દ્વારા જીલ્લામાં પેટ્રોલિંગ તથા ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. સાથે લોકસભાની ચૂંટણીને લઈ સામાજીક આગેવાનો સાથે સમન્વય બનાવી રાખવા મિટિંગ યોજવામાં આવી હતી. ૦૭મી ના રોજ ગુજરાત રાજ્યમાં યોજાના લોકસભા ચૂંટણી માટે મતદાન થનાર છે. પંચમહાલ લોકસભા બેઠક ઉપર પણ મતદાન થનાર છે. જેને લઈ જીલ્લા પોલીસ દ્વારા પણ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને લોકો શાંતિપૂર્ણ માહોલમાં પોતાના મત અધિકારનો ઉપયોગ કરી શકે તેવા પ્રયાસો કરવામાં આવ્યા છે. પંચમહાલ જીલ્લા પોલીસ અધિક્ષક અને તમામ પોલીસ અધિકારીઓ સાથે રાખી બી ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં આવેલા કોલિંગ બુક વિસ્તારોમાં પોલીસનું ફૂટ પેટ્રોલિંગ એજવામાં આવ્યું હતું. જેને લઈ લોકોમાં વિશ્વાસ બેસે અને કોઈ અનિશ્ચન્ય બનાવો ન બને અને શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજાઈ તે માટેના પ્રયાસો કરવામાં આવ્યા છે.

# બાલાસિનોર ટાઉન પોલીસ તેમજ રૂલર પોલીસ સ્ટેશન દ્વારા બીજીવાર ફ્લેગ માર્ચ ફૂટ પ્રેટોલિંગ યોજાયું



બાલાસીનોર,

બાલાસિનોર તાલુકાના રૂલર પોલીસ સ્ટેશન પીઆઈ એ.બી. દેવધા બાલાસિનોર તાલુકા પીઆઈ એમ.એન નીમામાં G.A.P જવાનોને તેમજ પોલીસ સ્ટાફ સાથે ફ્લેગ માર્ચ ફૂટ પેટ્રોલિંગ રેલી યોજવામાં આવી હતી . લોકસભાની ચૂંટણીમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે હેતું થી જેઠોલી ગામના અલગ અલગ ફળિયામાં તેમજ બાલાસિનોર શહેરમાં ગોકુલેશ સોસાયટી તેમજ બજારમાં રેલી યોજવામાં આવી હતી.

# ગોધરા સદ્દભાવના મિશનના પૂર્વ વિદ્યાર્થીના લગ્ન પ્રસંગમાં શિક્ષક ગીફ્ટ આપવા પહોંચ્યા



ગોધરા,

સદ્દભાવના મિશન ક્લાસ બહારપૂરા ગોધરામાં મફત શિક્ષણ કોચિંગ ક્લાસ અભ્યાસ પુર્ણ કરી ગયેલ પુર્વ વિદ્યાર્થીની મારવાડી સપના રમેશભાઈના આજ તાઃ– ૦૫/૦૫/૨૦૨૪ રવિવારના રોજ તેમના મુકામે લગ્ન થયાં એક ગરીબ પરિવારની દિકરીને આશીર્વાદ આપવા પહોંચેલા ગોધરાના એકતાના પ્રતિક તરીકે જાણીતાં શિક્ષક ઈમરાન તે સ્થળે તેમને ગીફ્ટ આપવા પહોંચ્યા, ત્યારે સો કોઈની નજર શિક્ષક ઈમરાન પર હતી. લગ્નમાં હાજરી આપવા આવેલા તેમના સગા સંબંધી મિત્રવર્ગએ સૌને આશ્ચર્યમાં મૂકી દીધા હતા. શિક્ષક ઈમરાન નાનપણથી મફત શિક્ષણ અભ્યાસ આ દિકરીને કરાવ્યો અને છેલ્લે દિકરીને લગ્નમાં વિદાઈ વખતે હાજર રહ્યા હતા. મુસ્લિમ સમાજનો નામાંકિત મશહૂર શિક્ષક ઈમરાન આ દિકરીઓ માટે આટ આટલે સુધી તેમનાં વહારે આવે છે, તેવી ચર્ચા થતી હતી. લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. તમામ લોકોએ આભાર વ્યક્ત કર્યો હતો.

# ગોધરા તાલુકાના ટીંબા ગામની આસપાસ કવોરીમાં નિયમોનું પાલન થાય તેવી ખાણ ખનિજને કવોરી દ્વારા રોયલ્ટી પાસ વગર ખનિજની હેરફેર કરતા હોવાની લેખિત રજુઆત

ગોધરા,

પંચમહાલ જીલ્લા ખાણ ખનીજ વિભાગને જાગૃત નાગરિક દ્વારા ગોધરા તાલુકાના ટીંબા ગામની આજુબાજુમાં આવેલ કવોરીમાં નિયમોનું પાલન કરવામાં આવે તે માટે લેખિતમાં રજૂઆત કરાઈ હતી. અમુક કવોરી દ્વારા રોયલ્ટી પાસ નહિ કાઢીને ખનીજની હેરાફેરી કરવામાં આવતી હોવાની પણ રજૂઆત કરાઈ હોય ત્યારે ખાણ ખનીજ વિભાગ આ સામે તપાસ ક્યારે કરશે એ તો જોવુંજ બન્યુ છે .ગોધરા તાલુકાના ટીંબા ગામની આજુબાજુમાં આવેલી કવોરીમાં નિયમોનું પાલન નહીં થતાં હોવાની અનેક બૂમો ઉઠતી રહેતી હોય ત્યારે જાગૃત નાગરિક પ્રદીપભાઈ ભરવાડ દ્વારા એક લેખિત રજૂઆત જીલ્લા ખાણ ખનીજ વિભાગને કરવામાં આવી હતી. જેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે ટીંબા ગામ તથા આજુબાજુના વિસ્તારમાં આવેલ એકતા કવોરી, ગુડલક કવોરી, સંકેત કવોરી સહિતની અન્ય કવોરી દ્વારા છેલ્લા ઘણા સમયથી પ્રદૂષણ વધારે પડતુ કરે છે. જે પ્રદુષણથી આજુબાજુના સ્થાનિક લોકોને ટીબી તથા દમ તેમજ ફેફસાં સહિતની બીમારીઓ થતી હોય છે સાથે એવી પણ રજૂઆત કરી હતી કે અમુક કવોરી માંથી વાહનમાં ઓવરલોડ કપચી ભરવામાં આવતી હોય અને રસ્તા પરથી નીકળી રહયા છે. જોકે ટીંબા ગામ સહિતના આજુબાજુના ગામોમાં કવોરી ઉદ્યોગ મોટા પ્રમાણમાં આવેલ હોય તેમજ હાઈવે પરથી પસાર થતા વાહન ચાલકોને પણ રાત્રિ દરમિયાન પ્રદૂષણના કારણે વાહન લઈને નીકળવું બહુ મુશ્કેલ રૂપ બનતું હોય ત્યારે જીલ્લા ખાણ ખનીજ વિભાગ દ્વારા ઉપરોક્ત બાબતને રજૂઆતને ધ્યાનમાં લઈને આ વિસ્તારમાં આવેલી કવોરીમાં નિયમોનું પાલન કેટલું થાય છે કે નહીં એ માટે ઓચિંતી તપાસ હાથધરીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવવી જોઈએ તેવી આશા જાગૃત નાગરિક રાખી રહ્યા છે. આ વિસ્તારમાં દિન પ્રતિદિન ખનીજ ચોરી નું પ્રમાણ વધતું જતું હોય તેમજ જીલ્લા ખાણ ખનીજ વિભાગે પણ આ વિસ્તારમાંથી મોટા પ્રમાણમાં ખનીજ ચોરી પકડી પાડવામાં સફળતા મળી હોય ત્યારે ફરી એક વખત ખનીજ વિભાગ દ્વારા અસરકારક કાર્યવાહી કરવામાં આવે તે પણ જરૂરી છે..

# ગોધરા પાલિકાના વોર્ડ નં.-૧ના ખાડી ફળિયા હનુમાન ચોક પાસે ખાડો ખોદી પુરવામાં નહિ આવતા સ્થાનિકોએ ખાડામાં ઉભા રહી વિરોધ વ્યકત કર્યો

ગોધરા,

ગોધરા પાલિકાના વોર્ડ નં.–૧ અમદાવાદ હાઈવે રોડ પાસે આવેલ ખાડી ફળિયા હનુમાન ચોક પાસે છેલ્લા ત્રણ મહિનાથી મસમોટો ખાડો પડેલ હોય આ બાબતે પાલિકાને અવાર નવાર રજુઆતો કરવા છતાં ખાડો પુરવામાં નહિ આવતા સ્થાનિક રહિશોનો ખાડામાં ઉભા રહી વિરોધ કરવામાં આવ્યો. તેમજ પીવાના પાણીની સમસ્યાનુ સમાધાન ન થાય તો લોકસભા ચુંટણીમાં સ્થાનિક લોકોએ મતદાન કરવા માટે વિરોધ પણ કરી શકે છે. ગોધરા નગરપાલિકાના વોર્ડ નં.–૧ના ખાડી ફળિયા વિસ્તારના પાલિકા ઉપપ્રમુખ હોવા છતાં ખાડી ફળિયા હનુમાન ચોક પાસે છેલ્લા ત્રણ મહિનાથી મસમોટો ખાડો પડેલ છે. આ ખાડો પુરવા માટે પાલિકા સ્થાનિકો દ્વારા અવાર નવાર રજુઆતો કરવામાં આવી હોય તેમ છતાં ખાડો પુરવામાં આવ્યો નથી. ખાડો કર્યા બાદ પુરવામાં આવ્યો ન હોવાથી મોટા અકસ્માતની ભિતી સેવાઈ રહી છે. પાલિકામાં વારંવારની રજુઆતો બાદ પણ ખાડો પુરવામાં આવ્યો ન હોય જેને લઈ સ્થાનિકો દ્વારા ખાડામાં ઉતરીને વિરોધ કરવામાં આવ્યો છે.વોર્ડ નં.૧ના ખાડી ફળિયા વિસ્તારમાં રોડ–રસ્તા અને પીવાના પાણીની વિકટ સમસ્યાનુ સમાધાન કરવામાં આવતુ નથી. જેને લઈ ૭મેના રોજ યોજાનાર લોકસભાના મતદાન ન કરવા માટે સ્થાનિકો વિરોધ કરી શકે છે.

જયારે આ બાબતે પાલિકા ચીફ ઓફિસર દ્વારા ખુલાસો કરવામાં આવ્યો છે. ચિત્રા ખાડી વિસ્તારમાં વરસાદી પાણી નિકાલ માટે આ લાઈનમાં જોઈન્ટ આપવા માટે ખાડો ખોદવામાં આવ્યો હતો. એક સપ્તાહમાં કોન્ટ્રાકટર દ્વારા ચેમ્બર લાઈનમાં સાફસફાઈ બાદ ખાડો પુરી દેવામાં આવશે.

# શહેરા નગરમાં સિંધી ચોકડીથી સરકારી વિનયન કોલેજ તરફ જવાના માર્ગ ઉપર ભૂગર્ભ ગટરના ચેમ્બર પર ઢાંકડું નહી હોવાથી અહીં પસાર થતા વાહન ચાલકો અને રાહદારીઓને અકસ્માત થવાનો ભય

શહેરા,

શહેરા નગરમાં સિંધી ચોકડી થી સરકારી વિનયન કોલેજ તરફ જવાના માર્ગ ઉપર ભૂગર્ભ ગટરના ચેમ્બર પર ઢાંકડું નહીં હોવાથી અહીંથી પસાર થતાં વાહન ચાલકો અને રાહદારીઓને અકસ્માત થવાનો ભય રહેલો હોય છે. જોકે પાલિકા તંત્ર આ બાબતે જાણતુ હોવા છતા પોતાની નૈતિક ફરજ ક્યારે બજાવશે એ તો જોવુજ બની રહ્યુ છે.



શહેરા નગરમાં સિંધી ચોકડી થી સરકારી વિનયન કોલેજ તરફ જવાના રસ્તા ઉપર ભૂગર્ભ ગટરના ચેમ્બર પર ઢાંકડું જોવા મળી રહ્યુ નથી. લોકસભાની ચૂંટણીની કામગીરી સરકારી વિનિયન કોલેજ ખાતે હોવાથી અહીં સતત વાહનોની અવરજવર રહેતી હોવાથી ખુલ્લી ભૂગર્ભ ગટરની ચેમ્બરમાં કોઈ વાહન ચાલક તેમજ રાહદારી પડી શકે તેવી શકયતાઓ પણ રહેલી છે. જોકે, ભૂગર્ભ ગટરના ચેમ્બરમાં ઢાંકણું નહિ હોવાથી પશુ પણ પડી જવાની ઘટના બની હોવાનું સ્થાનિક નગરજન પાસેથી જાણવા મળેલ હોય તેમ છતાં પાલિકા તંત્ર દ્વારા આ બાબતે કોઈ ગંભીરતા નહી લેવામાં આવવાના કારણે હાલ પણ આ ભૂગર્ભ ગટરના ચેમ્બર ઉપર ઢાંકડું નહીં હોવાથી પસાર થતા વાહન ચાલકોને સતત અકસ્માત થવાનો ડર રહેતો હોવા સાથે છૂપો આક્રોશ પણ આ સામે જોવા મળે તો નવાઈ નહી. જાગૃત નાગરીક દ્વારા ડામર રસ્તા પર આવેલી ભૂગર્ભ ગટરના ચેમ્બરની આજુબાજુ પથ્થર ગોઠવીને વાહન ચાલક કે પછી રાહદારી અંદર પડી જાય નહી એ માટેના પ્રયાસો કરવામાં આવ્યા હોય પરંતુ રાત્રિના સમયે કોઈ અહીં કોઈ ઘટના બની શકે તેવી પરિસ્થિતિ રહેલી હોય ત્યારે સંબંધિત તંત્ર પોતાની નૈતિક ફરજ અહીં બજાવે તેવી આશા વાહન ચાલકો અને નગરજનો રાખી રહ્યા હતા. લોકસભાની ચૂંટણીની કામગીરી દરમિયાન આ રસ્તા પરથી જીલ્લાના ઉચ્ચ અધિકારીઓ તેમજ પ્રાંત અધિકારી અને મામલતદાર સહિતના અધિકારીઓની અવરજવર રહેતી હોવા છતાં રસ્તા પરની ખુલ્લી ભૂગર્ભ ગટરની ચેમ્બરની આજુબાજુ ગોઠવેલા પથ્થર તેમને જોવા નહીં મળેલ હોય એવા અનેક સવાલો જાગૃત નાગરિકોમાં ચર્ચાઈ રહયા હતા. લોકસભાની ચૂંટણીની કામગીરીમાં ૨૮૬ મતદાન મથક પર ફરજ બજાવનાર સ્ટાફ પણ આ રસ્તા પરથી જ પસાર થવાના હોય ત્યારે તાત્કાલિક ભૂગર્ભ ગટરના ચેમ્બરનું ઢાંકણું સહિતની જરૂરી કામગીરી કરવા પ્રાંત અધિકારી આદેશ કરે તે પણ જરૂરી છે.